દાખલ તા. ૧૧–૦૭–૨૦૧૯.
રજીસ્ટર તા. ૧૧–૦૭–૨૦૧૯.
ફેસલ તા. ૩૧–૧૨–૨૦૧૯.
સમયગાળો વર્ષ માસ દિવસ

**રાજકોટ જિલ્લાના બીજા એડીશનલ સેશન્સ જજ સાહેબની અદાલતમાં, મુકામ–ધોરાજી.**

સેશન્સ કેસ નં. ૧૯/૨૦૧૯.
આંક–

શ્રી સરકાર
(ઊપલેટા પો. સ્ટે.
ફર્સ્ટ ગુ. ર. નં. ૧૧૧૭/૨૦૧૮ )................................ ફરિયાદી.

વિરૂઘ્ધ

(૧) ગીરીશ ઉર્ફે ધવલ નટુભાઈ પરમાર
ઉ.આ.વ. ૨૮, ધંધોઃ મજૂરી,
(૨) મહેન્દ્રભાઈ નટુભાઈ પરમાર
ઉ.આ.વ. ૨૯, ધંધોઃ મજૂરી,
(૩) નટુભાઈ માવજીભાઈ પરમાર
ઉ.આ.વ. ૨૯૮, ધંધોઃ મજૂરી,
(૪) નીતાબેન વા/ઓ નટુભાઈ માવજીભાઈ પરમાર
ઉ.આ.વ. ૪૦, ધંધોઃ મજૂરી,
તમામ રહે. બસસ્ટેન્ડ સામે, શેરી નં. ૨, ઊપેલટા.
(૫) મનોજભાઈ વિનુભાઈ વઘેરા
ઉ.આ.વ. ૨૪, ધંધોઃ મજૂરી,
રહે. વિરવાવ, તા. કાલાવડ, જિ. જામનગર..............આરોપીઓ.

તહોમતઃ– ઈ. પી. કોડની કલમ–૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૪૩, ૧૪૭, ૧૪૮ તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ...

**સરકારશ્રી તરફે વિ. વ. શ્રી કે. એમ. પારેખ.**
**આરોપીઓ તરફે વિ. વ. શ્રી જી. કે. વિંઝુડા.**

---

## <u>ચૂ કા દો</u>

(૧) આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નં. ૩ ના પત્નિ સાથે ફરિયાદીને આડા સબંધો છે જેનો રોષ રાખી આ કામના તહોમતદાર મજકૂરોએ તા. ૨૭/૦૬/૨૦૧૮ ના રોજ કલાકઃ ૧૩.૦૦ વાગ્યાના સુમારે મોજે વણકરવાસ, બસસ્ટેન્ડ સામે, ઊપેલટા ખાતે એકસંપ થઈ, ગેરકાયદેસર મંડળી રચી, ફરિયાદી ઉપર હૂમલો કરી, લાફા મારી, તેમના ઘર પાસે ધોકા તથા કડીયાકામની પટ્ટી સાથે એક સંપ કરી આવી, ફરિયાદીના પિતાને ડાબા હાથે ફ્રેક્ચરની ઈજા પહોંચાડી તેમજ ફરિયાદીના પત્નિને માથાના ભાગે કપાળઉપર ઈજા પહોંચાડી, ફરિયાદી તથા ફરિયાદીની માતાને ઢીકા તથા કડીયાકામની પટ્ટીથી ઈજાઓ પહોંચાડી, મહે. જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબના જાહેરનામાનો ભંગ કરતાં તે અંગે ફરિયાદીએ આરોપીઓ વિરૂદ્ધ ધોરણસર થવા હાલની ફરિયાદ નોંધાવેલ છે.

(૨) ઉપરોક્ત બનાવની ફરિયાદ તા. ૨૭/૦૬/૨૦૧૮ ના રોજ ઊપલેટા પો. સ્ટે. ફર્સ્ટ ગુ. ર. નં. ૪૩/૨૦૧૮ થી દાખલ કરવામાં આવેલ જે પરત્વે તપાસના અંતે પોલીસ દ્વારા આરોપીઓ વિરૂદ્ધ ઈ. પી. કોડની કલમ-૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૪૩, ૧૪૭, ૧૪૮ તથા જી. પી. એક્ટની કલમ-૧૩૫ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાઓનુ ચાર્જશીટ ઊપલેટાના પ્રિન્સી. સીવીલ જજ અને જ્યુડી. મેજી. કોર્ટમાં ફોજ. કેસ નં. ૧૧૧૭/૨૦૧૮ થી રજીસ્ટરે લેવામાં આવેલ, પરંતુ સદરહું કેસનો ક્રોસ કેસ સેશન્સ કેસ નં. ૧૨/૨૦૧૯ અત્રેની અદાલતમાં ચાલતો હોઈ હાલનો કેસ પણ સાથે

ચલાવવા માટે કેસ કમીટ કરી વિદ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ ફોજ. કેસ નં. ૧૧૧૭/૨૦૧૮ નું સમગ્ર રેકર્ડ અને પ્રોસેડીંગ્સ અત્રેની અદાલત તરફ મોકલી આપેલ જે કેસ કમીટ થઈને અત્રેની કોર્ટમાં આવતા સેશન્સ કેસ નં. ૧૯/૨૦૧૯ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે અને કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે આંક–૬ થી આરોપીઓ વિરૂદ્ધ ઈ. પી. કોડની કલમ–૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૪૩, ૧૪૭, ૧૪૮ તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાઓનુ તહોમતનામુ ઘડવામાં આવેલ છે જે પરત્વે આરોપીઓનુ ગુના પરત્વેનુ આંક–૭ થી આંક–૧૧ સુધી નિવેદન નોંધેલ છે જેમાં આરોપીઓને ગુનો કબૂલ નથી અને કેસ આગળ ચલાવવાનુ જણાવેલ છે તેમજ આરોપીઓએ સ્વખર્ચે વકીલ રોકેલ છે.

(૪) **ફરિયાદપક્ષે કેસની ઈન્સાફી કાર્યવાહી દરમિયાન તેમના કેસના સમર્થનમાં નીચે પ્રમાણેના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે.**

**મૌખિક પુરાવાઃ–**

| અનુ. નં. | આંક | મૌખિક પુરાવો આપનાર સાહેદનુ નામ અને વિગત |
|---|---|---|
| ૧. | ૧૪ | ફરિયાદી રોહિત જીવણભાઈ ભાસ્કરની જુબાની. |
| ૨. | ૧૬ | સાહેદ જીવણભાઈ ડાયાભાઈ ભાસ્કરની જુબાની. |
| ૩. | ૧૭ | સાહેદ લીલાબેન જીવણભાઈ ભાસ્કરની જુબાની. |
| ૪. | ૧૮ | સાહેદ કોમલબેન રોહિતભાઈ ભાસ્કરની જુબાની. |
| ૫. | ૨૦ | પંચ સાહેદ મગનભાઈ પરસોત્તમભાઈ ભરાડીયાની જુબાની. |
| ૬. | ૨૨ | સાહેદ માધાભાઈ અમરાભાઈ મકવાણાની જુબાની. |
| ૭. | ૨૩ | પંચ સાહેદ અમીતભાઈ જગમાલભાઈ રાવલીયાની જુબાની. |

| | | |
|---|---|---|
| **૮.** | ૨૫ | પંચ સાહેદ બાબુભાઈ શાંતિભાઈ બામણીયાસાની જુબાની. |
| **૯.** | ૨૬ | સાહેદ ડો. મહેન્દ્રભાઈ અમૃતલાલ વાળાની જુબાની. |
| **૧૦.** | ૩૧ | ત. ક. અમલદાર લાભશંકર લક્ષ્મીશંકર ભટ્ટની જુબાની. |
| **૧૧.** | ૩૫ | સાહેદ ભૂપતભાઈ ઘેલાભાઈ રાઠોડની જુબાની. |

**<u>દસ્તાવેજી પુરાવાઃ</u>–**

| **અનુ. નં.** | **આંક** | **પુરાવાની વિગત** |
|---|---|---|
| **૧.** | ૧૫ | ફરિયાદ. |
| **૨.** | ૨૧ | અટક પંચનામું. |
| **૩.** | ૨૪ | અટક પંચનામું. |
| **૪.** | ૨૭ | જીવણભાઈ ડાયાભાઈ ભાસ્કરનું મેડીકલ સર્ટિફિકેટ. |
| **૫.** | ૨૮ | રોહિતભાઈ જીવણભાઈ ભાસ્કરનું મેડીકલ સર્ટિફિકેટ. |
| **૬.** | ૨૯ | કોમલબેન રોહિતભાઈ ભાસ્કરનું મેડીકલ સર્ટિફિકેટ. |
| **૭.** | ૩૦ | લીલાબેન જીવણભાઈ ભાસ્કરનું મેડીકલ સર્ટિફિકેટ. |
| **૮.** | ૩૨ | ફરિયાદ દાખલ કરવા અંગેની યાદી. |
| **૯.** | ૩૩ | તપાસ અંગેનો ડેપ્યુટ હુકમ. |
| **૧૦.** | ૩૪ | સ્થાનિક જગ્યાનું પંચનામું. |
| **૧૧.** | ૩૬ | સ્ટેશન ડાયરીનો ઉતારો. |

(૫) સદર કામે આરોપીઓનુ ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં મુખ્યત્વે ઈન્કારી કરતાં જવાબો આપી વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનું અને ગરીબ માણસો હોવાનું જણાવી રહેમ કરવા અરજ ગુજારેલ છે.

(૬) આ કામે ફરિયાદપક્ષ તરફે વિ. એડી. પી. પી. શ્રી કે. એમ. પારેખ તથા

આરોપીઓ પક્ષ તરફે વિ. વ. શ્રી જી. કે. વિંઝુડાની રજૂઆતો સાંભળી.

(૭) **આ કામે બંને પક્ષોની રજૂઆતો તેમજ રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓને લક્ષમાં લેતા સદરહુ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.**

**૧.** શું ફરિયાદપક્ષ નિઃશંક રીતે પુરવાર કરે છે કે, આ કામના ફરિયાદીને તમો આરોપી નં.૩ ના પત્ની સાથે આડાસંબંધો છે તેવા ખોટા આક્ષેપ કરી તેનો ખાર રાખી, તા. ૨૭/૦૬/૨૦૧૮ ના રોજ બપોરના દોઢેક વાગ્યાના સુમારે ઉપલેટા શહેરમાં બસ સ્ટેન્ડ સામે વણકર વાસ શેરી નં. ૨ પાસે તમામ તહોમતદારોએ એકઠા થઈ, ગેરકાયદેસર મંડળીના સભ્ય બની, એકસંપ થઈ, સમાન ઈરાદો પાર પાડવા માટે લાકડીઓ ધારણ કરી ઈ. પી. કોડની કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**૨.** શું ફરિયાદપક્ષ નિઃશંક રીતે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી તેમના ઘરે જતા હતા ત્યારે ઊપલેટા શહેરમાં બસ સ્ટેન્ડ સામે વણકરવાસ શેરી નં. ૨ પાસે પહોંચેલા ત્યારે આરોપી નં. ૨ નાએ તેમનું મોટર સાયકલ ફરિયાદી ઉપર ચડાવી દઈ, ફરિયાદીને પાડી દીધેલ અને ફરિયાદીને ગાળો આપી અને લાફા મારતા ફરિયાદી તેના ઘરે ભાગી ગયેલ અને તમામ આરોપીઓએ ફરિયાદીના ઘરે જઈ, ફરિયાદીને ગાળો આપી ફરીથી ફરિયાદીને લાફા મારેલ અને આરોપી નં. ૩ પાસે કડીયા કામની પટ્ટી હતી અને આરોપી નં. ૧, ૨, ૪ નાઓ પાસે લાકડાના ધોકા હતા જેના વડે ફરિયાદી તથા તેના ઘરના સભ્યો ઉપર હુમલો કરી, ઉશ્કેરાઈ જઈ, ગાળો આપી, આરોપી નં. ૧ નાએ ફરિયાદીને જમણા હાથમાં લાકડાના ધોકા વડે એક ઘા મારી દીધેલ તેમજ આરોપી નં. ૫ નાએ ફરિયાદીના પિતાજી જીવનભાઈને ડાબા હાથે

ધોકાનો ઘા મારેલ અને ફ્રેક્ચરની ઈજા કરેલી તેમજ ફરિયાદીના માતૃશ્રી લીલાબેનને અન્ય આરોપીઓએ આખા શરીરે ધોકાના ઘા મારેલ તેમજ આરોપી નં. ૧ નાએ ફરિયાદીના પત્નિ કોમલબેનને કપાળના ભાગે જમણી સાઈડના નેણ ઉપર ધોકાનો એક ઘા મારેલ અને જતા જતા આરોપીઓએ મોકો મળ્યે ફરિયાદી તથા સાહેદોને જાનથી મારી નાંખવાની ધમકી આપી ઈ. પી. કોડની કલમ–૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**૩.** શું હુકમ ?

**(૮) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.**

**૧.** નકારમાં.

**૨.** નકારમાં.

**૩.** આખરી હુકમ મુજબ.

## <u>કા ર ણો</u>

(૯) વિ. સરકારી વકીલશ્રીએ રજૂઆત કરતાં જણાવેલ છે કે, રજૂઆત કરતાં જણાવેલ છે કે, ફરિયાદપક્ષ અને આરોપીઓ વચ્ચે સમાધાન થઈ જવાના કારણે ફરિયાદપક્ષના મહત્વના સાહેદોએ ફરિયાદપક્ષને સમર્થનકારી જુબાની આપેલ નથી, પરંતુ ઈજા પામનારાઓએ ડોક્ટર સમક્ષ તથા પોલીસ સમક્ષ જે નિવેદન આપેલ છે તેનાથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળે છે. ડોક્ટર તથા પોલીસ ત્રાહિત સાહેદો છે અને તેથી તેમના રૂબરૂના ઈજા પામનારાઓ તથા સાહેદોના નિવેદનોને ન માનવાને કોઈ કારણ નથી. આથી ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂદ્ધનો ગુનો નિઃશંકપણે સાબિત કરવામાં સફળ નિવડેલ હોઈ આરોપીઓને તકસીરવાન ઠરાવી કડક સજા કરવા રજૂઆત કરેલ છે.

(૧૦) આરોપીઓના વિ. વ. શ્રીએ રજૂઆત કરતા જણાવેલ છે કે, જ્યારે ફરિયાદપક્ષના મહત્વના સાહેદો અને ઈજા પામનારાઓએ ફરિયાદપક્ષને સમર્થનકારી જુબાની આપેલ ન હોય અને ઊલટ તપાસમાં તેઓએ ડોક્ટર સમક્ષ કે પોલીસ સમક્ષ કોઈ હકીકત લખાવેલ ન હોવાનું જણાવેલ ન હોય તો ફરિયાદપક્ષ આવા નબળા પુરાવાના આધારે આરોપીઓ વિરૂદ્ધનો ગુનો નિઃશંકપણે પુરવાર કરી શક્તાં ન હોઈ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૧૧) <u>**મુદ્દા નં. ૧ થી ૩**</u>

આ કામમાં ફરિયાદપક્ષ દ્ધારાં આરોપીઓ વિરૂદ્ધનો ગુનો પુરવાર કરવા માટે આંક–૧૪ થી ફરિયાદી રોહિત જીવણભાઈ ભાસ્કરને તપાસી તેમની જુબાનીમાં આંક–૧૫ થી અસલ ફરિયાદ રજૂ થયેલ છે. ત્યારબાદ આંક–૧૬ થી ઈજા પામનાર જીવણભાઈ ડાયાભાઈ ભાસ્કરને તથા બીજા ઈજા પામનાર લીલાબેન જીવણભાઈને આંક–૧૭ થી અને બનાવના ફરિયાદપક્ષના કેસ પ્રમાણેના નજરે જોનાર સાહેદ અને ઈજા પામનાર કોમલબેન રોહિતભાઈને આંક–૧૮ થી તપાસેલ છે આ તમામ સાહેદોએ ફરિયાદપક્ષને સમર્થન આપેલ નથી.

(૧૨) આ ઉપરાંત તેઓએ સ્પષ્ટપણે તેમની ઊલટ તપાસમાં એવું જણાવેલ છે કે, તેમણે ડોક્ટર રૂબરૂ કે પોલીસ અધિકારી રૂબરૂ બનાવની કોઈ હકીકત જણાવેલ નથી આથી વિ. સરકારી વકીલશ્રી જે રજૂઆત ઉપર આધાર રાખે છે તે માની શકાય તેમ નથી.

(૧૩) આ ઉપરાંત આંક–૨૦ થી આરોપીની અટક કર્યાના અને મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાંના પંચ સાહેદ મગનભાઈ પરસોત્તમભાઈને તપાસી તેમની જુબાનીમાં આંક–૨૧ થી અસલ પંચનામું રજૂ કરેલ છે અને બીજા પંચ

સાહેદ બાબુભાઈ શાંતિભાઈને આંક–૨૫ થી તપાસેલ છે. આ ઉપરાંત આરોપી ધવલ નટુભાઈને અટક કર્યાના તથા મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાંના પંચ સાહેદ અમીતભાઈ જગમાલભાઈને આંક–૨૩ થી તપાસી તેમની જુબાનીમાં આંક–૨૪ થી અસલ પંચનામું રજૂ કરેલ છે. આ તમામ પંચ સાહેદોએ પણ ફરિયાદપક્ષને સમર્થન આપેલ નથી.

**(૧૪)** આ ઉપરાંત ફરિયાદપક્ષના કેસ પ્રમાણેના બનાવના નજરે જોનાર સાહેદ માધાભાઈ અમરાભાઈને આંક–૨૨ થી તપાસેલ છે તેમણે પણ ફરિયાદપક્ષને સમર્થનકારી જુબાની આપેલ નથી.

**(૧૫)** આ ઉપરાંત આંક–૨૬ થી ઈજા પામનારાઓની સારવાર કરનાર ડો. મહેન્દ્રભાઈ વાળાને તપાસેલ છે તેમણે દર્દીએ તેમને કઈ રીતે વાગેલ તે બાબતની હિસ્ટ્રી લખાવેલ છે, પરંતુ જ્યારે ઈજા પામનારાઓએ મેડીકલ ઓફીસર રૂબરૂ કોઈ હિસ્ટ્રી લખાવેલ ન હોવાનું જણાવેલ હોય તો આ હિસ્ટ્રીનું કોઈ મહત્વ રહેતું નથી. આ ઉપરાંત તેમણે ઊલટ તપાસમાં એવું કબૂલ કરેલ છે કે, જીવણભાઈને થયેલ ઈજા મોટર સાયકલ અથડાવાથી થઈ શકે તેવી હતી તથા રોહિતભાઈને થયેલ ઈજા પથરા ઉપર પડી જવાથી થઈ શકે તેવી હતી અને કોમલબેનને થયેલ ઈજા ધક્કો લાગવાથી અને લીલાબેનને થયેલ ઈજા તાવ આવવાથી થઈ શકે તેવી હતી.

**(૧૬)** આ ઉપરાંત આ ગુનાની ફરિયાદ લેનાર અને ત. ક. અમલદાર પી. આઈ. એલ. એલ. ભટ્ટને આંક–૩૧ થી તપાસેલ છે તેમણે આ ગુનાની જે રીતે તપાસ કરેલી તે ક્રમાનુસાર જણાવેલ છે. આ ઉપરાંત આંક–૩૫ થી ફરિયાદ મુજબનો ગુનો દાખલ કરનાર પી.એસ.ઓ. ભૂપતભાઈ રાઠોડને તપાસેલ છે.

**(૧૭)** આમ, ઉપરોક્ત તમામ હકીકતો જોતાં જ્યારે ઈજા પામનાર ફરિયાદી અને સાહેદોએ ફરિયાદપક્ષને સમર્થન આપેલ ન હોય અને કોઈપણ આરોપીએ

તેઓને માર મારેલ હોવાનું જણાવેલ ન હોય વિ. સરકારી વકીલશ્રી જે મેડીકલ ઓફીસર રૂબરૂની હિસ્ટ્રી તથા ત. ક. અમલદાર સમક્ષના નિવેદન કે ફરિયાદ ઉપર આધાર રાખે છે તે પુરાવાના આધારે ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂદ્ધનો ગુનો નિઃશંકપણે પુરવાર થઈ શક્તો ન હોઈ આ કામના મુદ્દા નં. ૧ તથા ૨ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## હુ ક મ

**૧.** આ કામના આરોપી નં. (૧) ગીરીશ ઉર્ફે ધવલ નટુભાઈ પરમાર, આરોપી નં. (૨) મહેન્દ્રભાઈ નટુભાઈ પરમાર, આરોપી નં. (૩) નટુભાઈ માવજીભાઈ પરમાર, આરોપી નં. (૪) નીતાબેન વા/ઓ નટુભાઈ માવજીભાઈ પરમાર તથા આરોપી નં. (૫) મનોજભાઈ વિનુભાઈ વઘેરાનાઓને ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ઈ. પી. કોડની કલમ–૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૪૩, ૧૪૭, ૧૪૮ તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાઓમાંથી શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીઓએ ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૪૩૭(૧) અન્વયે જો અપીલ દાખલ થાય તો અપીલમાં હાજર રહેવા માટે પ્રત્યેક આરોપીએ રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા ) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** આ કામે કબજે કરવામાં આવેલ બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ મુજબ નાશ કરવો જ્યારે કિંમતી મુદ્દામાલ તેની માલિકીની ખરાઈ કરી પરત કરવો અને જો અગાઉ વચગાળાની કસ્ટડીએ પરત સોંપવામાં

આવેલ હોય તો તો હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૩૧, માહે–ડિસેમ્બર, સને–૨૦૧૯ ના

રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**મુકામ–ધોરાજી.**
**તારીખ–૩૧/૧૨/૨૦૧૯.**

**( હેમંતકુમાર અરવિંદરાય દવે )**
**બીજા એડીશનલ સેશન્સ જજ,**
**રાજકોટ, એટ ધોરાજી.**
**કોડ નં. જીજે–૦૦૩૮૫**